પાંડેસરા-બમરોલી રોડ પર કચરાના ઢગલામાં રાત્રે આગ ભભૂકતાં દોડાદોડી

પાંડેસરા-બમરોલી રોડ પર તિરૂપતિ સર્કલ પાસે ખુલ્લા પ્લોટમાં કચરો પડ્યો હતો, જથ્થો વધારે હોવાથી આગ ફેલાઈ

શોર્ટ સર્કિટ અથવા તો કોઈએ સળગતી બીડી-સિગારેટ ફેંકતા આગ લાગ્યાનું અનુમાન

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં સોમવારની રાત્રિએ આગની ઘટનાને પગલે દોડધામ મચી ગઈ હતી. પાંડેસરા-બમરોલી રોડ પર આવેલા તિરુપતિ સર્કલ પાસે એક ખુલ્લા પ્લોટમાં પડેલા વેસ્ટ કચરાના જથ્થામાં અચાનક આગ ભભૂકી ઉઠતા આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. જોકે, ફાયર બ્રિગેડની ટીમે ત્વરિત કામગીરી કરી આગને વધુ પ્રસરતી અટકાવી હતી, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

સોમવારે રાત્રે આશરે 10:00 વાગ્યાના સુમારે ફાયર કંટ્રોલ રૂમને એક ઈમરજન્સી કોલ મળ્યો હતો કે, તિરુપતિ સર્કલ પાસેના ખુલ્લા મેદાનમાં પડેલા વેસ્ટ અને કચરાના ઢગલામાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગી છે. પ્લોટમાં જ્વલનશીલ કચરો હોવાને કારણે જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.આગની જાણ ફાયર કંટ્રોલ દ્વારા તાત્કાલિક ભેસ્તાન અને ભીમરાડ ફાયર સ્ટેશનને જાણ કરવામાં આવી હતી. ફાયર ઓફિસર દિનેશ પટેલ તેમની ટીમ સાથે ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાયર ફાઈટરોએ સ્થળ પર પહોંચી ચારે બાજુથી પાણીનો મારો ચલાવવાનું શરૂ કર્યું હતું.ભારે જહેમત બાદ આગને વધુ ફેલાતી અટકાવી પળભરમાં તેના પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. ફાયર ઓફિસર દિનેશ પટેલે જણાવ્યું હતું કે આગનો કોલ મળતા જ અમારી ટીમો રવાના થઈ ગઈ હતી. કચરાનો જથ્થો વધુ હોવાથી આગ ઝડપથી ફેલાઈ રહી હતી, પરંતુ પાણીના સતત મારાથી તેને કાબૂમાં લેવામાં આવી છે.

સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.પરંતુ શોર્ટ સર્કિટ અથવા કોઈએ સળગતી બીડી-સિગારેટ ફેંકી હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી. હાલમાં કુલિંગની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે.

અમદાવાદમાં સુરતનો મુસાફર ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે ફસાયો

અમદાવાદ : ગાંધીધામ જવા માટે સુરત ખાતે રહેતા મહેન્દ્રભાઈ મહેતા ટ્રેનમાં પ્રવાસ કરી રહ્યા હતા, તે દરમિયાન આ ટ્રેન અમદાવાદ પ્લેટફોર્મ નંબર-1 ઉપર આવી હતી ત્યારે મહેન્દ્રભાઈ ચા નાસ્તો કરવા ટ્રેનમાંથી નીચે ઉતર્યા હતા, તે દરમિયાન ટ્રેન અચાનક રવાના થતા મહેન્દ્રભાઈ દોડીને જનરલ કોચમાં ચડવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં તેમનો પગ લપસતાં તેઓ ટ્રેન અને પ્લેટફોર્મની વચ્ચે ફસાઈ ગયા હતા.

આ સમયે પ્લેટફોર્મ પર ફરજ પરના આરપીએફ જવાનનું ધ્યાન જતા તેઓએ સતર્કતા દાખવીને બહાદુરીપૂર્વક દોટ મૂકી ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે ફસાયેલા મહેન્દ્રભાઈને બળપૂર્વક બહાર સુરક્ષિત ખેંચી કાઢ્યા હતા. સદનસીબએ સુરતના પ્રવાસી મહેન્દ્રભાઈ મહેતાને કોઈ મોટી ઈજાઓ થવા પામી નહોતી. આરપીએફ જવાની આ હિમતપૂર્વકની કામગીરીને રેલ્વેના ઉચ્ચ અધિકારીઓએ બિરદાવી હતી.

ખાડી યુદ્ધના સંકટની વેપાર અને MSME પર અસર થવાની આશંકા

CAIT એ નાણામંત્રીને રાહત પગલાં અને ટાસ્ક ફોર્સની રચના માટે માંગ કરી

MSME ને લોન ચુકવણીમાં રાહત, અસરગ્રસ્ત ક્ષેત્રો માટે ખાસ ક્રેડિટ ગેરંટી યોજના, ગંભીર રીતે અસરગ્રસ્ત ઉદ્યોગો માટે વ્યાજ સબસિડી આપવા માંગ કરાઇ

સુરત : સાંસદ અને કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) ના રાષ્ટ્રીય મહાસચિવ પ્રવિણ ખંડેલવાલ, ગુજરાતના ચેરમેન પ્રમોદ ભગતે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટની ભારતના વેપાર અને ઉદ્યોગ, ખાસ કરીને નાના વેપારીઓ અને MSME ક્ષેત્ર પર સંભવિત અસર અંગે ચિંતા વ્યક્ત કરી છે અને સરકારને સમયસર જરૂરી રાહત અને નીતિગત પગલાં લેવા વિનંતી કરી છે.

તેઓએ જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને કારણે ક્રૂડ ઓઇલના વધતા ભાવ, પુરવઠામાં વિક્ષેપ અને ખર્ચમાં વધારો પેટ્રોકેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, પ્લાસ્ટિક, કાપડ, ખાતરો, રસાયણો, ઓટો ઘટકો, લોજિસ્ટિક્સ અને અન્ય ઉર્જા-સઘન ઉદ્યોગો સહિત અનેક ક્ષેત્રોને નકારાત્મક અસર કરી શકે છે.

ગુજરાતના ચેરમેન પ્રમોદ ભગતે જણાવ્યું હતું કે નિકાસકારોને નૂર અને વીમા ખર્ચમાં વધારો, શિપમેન્ટમાં વિલંબ, રૂટમાં ફેરફાર અને ચુકવણીની અનિશ્ચિતતા જેવા પડકારોનો સામનો કરવો પડી શકે છે, જે તેમની વૈશ્વિક સ્પર્ધાત્મકતાને અસર કરશે. વધતા ખર્ચ, કાર્યકારી મૂડી પર દબાણ, પુરવઠા શૃંખલામાં વિક્ષેપ, નફામાં ઘટાડો અને દેવાના બોજમાં વધારો, ખાસ કરીને MSME ક્ષેત્રમાં, વ્યવસાય અને ઉદ્યોગમાં ગંભીર ચિંતાઓ છે.

આ સંજોગોને ધ્યાનમાં રાખીને, બંને વ્યવસાયિક નેતાઓએ સરકારને લોન ચુકવણીમાં MSME અને નાના વ્યવસાયો માટે વધારાનો સમય અને રાહત, અસરગ્રસ્ત ક્ષેત્રો માટે ખાસ ક્રેડિટ ગેરંટી યોજના, ગંભીર રીતે અસરગ્રસ્ત ઉદ્યોગો માટે વ્યાજ સબસિડી, ઈંધણ અને કાચા માલના ભાવનું સતત નિરીક્ષણ અને સ્થિરીકરણ, અને નૂર, વીમા સહાય અને નિકાસકારોને તાત્કાલિક રિફંડ આપવા વિનંતી કરી હતી. જેથી તેઓ તેમના વ્યવસાયમાં કોઈ અસુવિધાનો સામનો ન કરે. તેમણે સંબંધિત મંત્રાલયો, RBI, વેપાર સંગઠનો અને નિષ્ણાતોનો સમાવેશ કરીને પશ્ચિમ એશિયા અસર મૂલ્યાંકન અને ટાસ્ક ફોર્સ કમિટીની રચના કરવાનું પણ સૂચન કર્યું છે, જે પરિસ્થિતિનું સતત મૂલ્યાંકન કરશે અને સમયસર નીતિગત નિર્ણયો લેશે.

અલથાણમાં પરિવાર સામે જ વિધર્મી સગીરાને ઉપાડી ગયો

અપહરણ કરી સચિનની રૂમમાં લઇ જઇ ત્રણ વખત બળાત્કાર કર્યો

ચેનકેન પ્રકારે ભાગેલી સગીરાએ ઘરે પહોંચી ફરિયાદ નોંધાવી

સુરત : સુરતના શાંત અને પોશ ગણાતા અલથાણ વિસ્તારમાં રહેતી એક નિર્દોષ સગીરાને વિધર્મી યુવકે પ્રેમજાળમાં ફસાવી તેનું અપહરણ કર્યા બાદ તેની પર બળાત્કાર ગુજાર્યો હોવાની શરમજનક ઘટના સામે આવી છે. આ ધૃણાસ્પદ ગુનામાં આરોપી યુવકને તેના બનેવીએ પણ સાથ આપી ભાડાનો રૂમ અપાવી સગીરાના શારીરિક શોષણમાં મદદગારી કરી હતી. આખરે ભોગ બનનાર સગીરાના પરિવારે હિંમત દાખવી અલથાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

સચીન જીઆઈડીસી વિસ્તારના શિવનગર પાસે આવેલી અન્નપૂર્ણા રેસ્ટોરન્ટમાં રહેતા મુસ્કાન મહેમુદ ખાન પઠાણે અલથાણની સગીરાને પોતાની માયાજાળમાં ફસાવી હતી. ગત દિવસોમાં તે તેના ઘરે પહોંચ્યો હતો અને ત્યાં હાજર તેના પરિવારજનો સાથે ઉગ્ર બોલાચાલી કરી તેનું અપહરણ કરી ત્યાંથી ફરાર થઈ ગયો હતો અને સચીનમાં લઈ ગયો હતો. આ ગુનામાં તેને તેના જીજા (બનેવી) હલીમ ખાને (રહે. સચીન જીઆઈડીસી) સંપૂર્ણ મદદગારી કરી હતી. હલીમ ખાને સચીન વિસ્તારમાં જ એક ભાડાનું મકાન અપાવીને આરોપી સાળાને આશરો આપ્યો હતો. અહીં તેણે તેની ઉપર ત્રણ વખત બળાત્કાર કર્યો હતો. કોઈપણ રીતે આરોપીના ચુંગાલમાંથી મુક્ત થઈને સગીરા જ્યારે પોતાના પરિવાર પાસે પહોંચી, ત્યારે તેણે પોતાની પર વીતેલી આપવીતી વર્ણવતા પરિવારે તાત્કાલિક અલથાણ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

વાંઝ નજીક ટ્રકે ત્રણ જણાને ટક્કર મારતા યુવતીનું મોત

સચિનમાં રવિવારી બજારમાં એક બાઇક પર ત્રણ જણાં ખરીદી માટે જતાં હતાં

ગરનાળાનું કામ ચાલુ હોવાથી યુ-ટર્ન લઇને હાઇવે પર ચડ્યાં હતાં

સુરતઃ વાંઝગામની યુવતી તેની માતા તેમજ અન્ય યુવક સાથે બાઇક પર બેસીને સચિન રવિવારી બજારમાં ખરીદી માટે જઈ રહી હતી. ત્યારે ટ્રક ચાલકે તેઓની બાઇકને ટક્કર મારતાં યુવતીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે માતા તેમજ યુવકને ઇજા થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

સચિન પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, સચિન વાંઝગામમાં આવેલ હનુમાન ફળિયામાં રમેશભાઈ રાઠોડ ત્રણ પુત્રી સહિતના પરિવાર સાથે રહે છે અને ખેતીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. રવિવારે રાત્રે 8:30 વાગ્યાના સુમારે રમેશભાઈની પત્ની હંસાબેન, તેની પુત્રી લક્ષ્મી (23 વર્ષ) તેમના પરિચિત ફ્રાન્સિસ ચોલવિયા નામના યુવક સાથે તેની એવેન્જર બાઈક પર બેસીને સચિન રવિવારી બજારમાં ખરીદી કરવા માટે જઈ રહ્યા હતા. તેઓ વાંઝગામની બહાર નીકળતા હાઇ-વેને જોડતા ગરનાળાનું કામ ચાલુ હોવાથી તેને બંધ કરવામાં આવ્યું હતું. જેથી તેઓ ટોલ પ્લાઝા પાસેથી યુ-ટર્ન લઈને હાઇ-વે પર ચડ્યા હતા. દરમિયાન હજીરા બાજુથી આવતા એક ટ્રક ચાલકે તેમની બાઈકને અડફેટે લીધી હતી અને ભાગી ગયો હતો. સર્જાયેલા અકસ્માતમાં લક્ષ્મીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું.

જ્યારે તેની માતા હંસાબેન અને બાઈક ચાલક ફ્રાન્સિસ ચોલવિયાને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હંસાબેનને પ્રાથમિક સારવાર બાદ રજા આપી દેવામાં આવી હતી. જ્યારે ફ્રાન્સિસ ચોલવિયાને વધુ સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે. બનાવને પગલે સચિન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. મૃતક લક્ષ્મી ધાગા કટીંગનું કામ કરીને પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતી હતી. તેમજ તેની ઇજાગ્રસ્ત માતા હંસાબેન ખાનગી કંપનીમાં સફાઈ કામ કરતી હતી.

વિદ્યાર્થીઓને પરીક્ષાથી વંચિત રાખનાર શાળાને દંડ

અડાજણની સરદાર સ્કૂલને નોટિસ ફટકારવામાં આવી

ફી બાકી હોય તો પણ પરીક્ષા આપવા દેવી પડે : ડીઇઓ

સુરતઃ અડાજણ વિસ્તારમાં આવેલી જે.એચ.બી સરદાર પ્રાઈમરી સ્કુલમાં ફી મુદ્દે ઉભા થયેલા વિવાદને લઈ શિક્ષણ તંત્ર સક્રિય બન્યું છે. વિદ્યાર્થીઓને વાર્ષિક પરીક્ષામાંથી વંચિત રાખવાના મામલે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શાળાને નોટિસ ફટકારવામાં આવી છે અને દંડ પણ લગાવવામાં આવ્યો છે.

માહિતી અનુસાર, ગત બુધવારે યોજાયેલી વાર્ષિક પરીક્ષા દરમિયાન ફી બાકી હોવાને કારણે કેટલાક વિદ્યાર્થીઓને પરીક્ષાખંડમાં બેસવા દેવામાં આવ્યા નહોતા. આ ઘટનાને લઈને વાલીઓમાં અસંતોષ ફેલાયો હતો અને એક પછી એક ફરિયાદો જિલ્લા શિક્ષણાધિકારી સુધી પહોંચી હતી. તાજેતરમાં વધુ એક વાલી દ્વારા લેખિતમાં રજૂઆત કરીને પોતાના બાળક સાથે અન્યાય થયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વાલી દ્વારા કરવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે બાળકને માત્ર પરીક્ષામાંથી જ નહીં, પરંતુ શાળાની પ્રવૃત્તિઓમાં પણ યોગ્ય તક આપવામાં આવી નથી. પરીક્ષાના દિવસે થયેલી ઘટનાથી બાળક પર માનસિક અસર પડ્યાનું પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે જિલ્લા શિક્ષણાધિકારી ડો. ભગીરથસિંહ પરમારે સ્પષ્ટ કર્યું છે કે નિયમો મુજબ કોઈપણ વિદ્યાર્થીને ફી બાકી હોવાના આધારે પરીક્ષામાંથી વંચિત રાખી શકાય નહીં. અગાઉ મળેલી ફરિયાદના આધારે શાળાને નોટિસ પાઠવવામાં આવી છે અને ૧૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો.

નકલી નોટ કેસમાં આરોપીનો જામીન પર છૂટકારો

સુરતઃ બોગસ ચલણી કેસમાં આરોપીની જામીન અરજી સેશન્સ કોર્ટે મંજૂર કરી હતી. લિંબાયત પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આરોપી તાજમહલ ઉર્ફે મિલન જયમત મંડલ (ઉ.વ. ૪૨) સહિતના સહઆરોપીઓએ મળીને અર્થતંત્રને નુકસાન પહોંચાડવા માટે રૂ.૫૦૦ની બનાવટી ચલણી નોટો બનાવવાનો અને બજારમાં વટાવવાનો કાવતરું રચ્યું હોવાનો આરોપ છે. પોલીસે કાર્યવાહી દરમિયાન ત્રણ આરોપીઓ પાસેથી રૂ.૫૦૦ની બનાવટી નોટો ૭૬૯ નંગ, મોબાઇલ ફોન તથા બનાવટી નોટ વટાવી મેળવેલી રોકડ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીની ધરપકડ ૧૨ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ કરવામાં આવી હતી. આ કેસમાં આરોપી તાજમહલ ઉર્ફે મિલને વકીલ પીટી રાણા મારફતે સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી.

વતનથી પંદર દિવસ પહેલાં આવેલા કિશોરે ફાંસો ખાધો

સુરત : વાલક પાટીયામાં વતનથી પંદર દિવસ પહેલાં ભાઇના ઘરે ફરવા માટે આવેલા કિશોરે ફાંસો ખાઇને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ બિહારના વતની અને હાલ વાલક પાટીયા ખાતે હરેકૃષ્ણ હાર્મોની નામની નવી બંધાતી સાઇડ પર 16 વર્ષીય મોહમદ રમઝાન અખતર પંદરેક દિવસ પહેલા વતનથી મોટાભાઈને મળવા અને ફરવા માટે આવ્યો હતો. દરમિયાન ગઇકાલે રાત્રે રૂમમાં છતમાં પતરાની એંગલ સાથે વાયર બાંધી ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો.તેણે ક્યા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે જાણવા મળ્યું નથી.

ભ્રષ્ટાચારના 'ભૂવા'માં સ્માર્ટ સિટીનો વિકાસ

કરોડોના ખર્ચે બનેલા કાપોદ્રા મેઈન રોડ પર ભરઉનાળે ગાબડું

રસ્તામાં હલકી ગુણવત્તાનું મટિરિયલ વપરાયું હોવાનો સ્થાનિકોનો આક્ષેપ

સુરત : સુરત મહાનગરપાલિકાની આગામી 120 બેઠકોની ચૂંટણીને લઈ જ્યારે રાજકીય પક્ષો 'વિકાસ'ના નામે મતદારોને રીઝવવા મેદાનમાં ઉતર્યા છે, ત્યારે શહેરના સૌથી વ્યસ્ત ગણાતા કાપોદ્રા મેઈન રોડ પર પડેલા એક મસમોટા ભૂવાએ મનપાના વહીવટની પોલ ખોલી નાખી છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે રસ્તાના નિર્માણમાં હલકી ગુણવત્તાનું મટીરિયલ વપરાયું હોવાથી અથવા તો નીચેની પાઈપલાઈનમાં સર્જાયેલા લીકેજની તપાસ કર્યા વગર જ ઉપર ડામરનું પડ ચડાવી દેવાતા આ સ્થિતિ સર્જાઈ છે. રસ્તાની બરોબર વચ્ચે પડેલું આ વિશાળ ગાબડું તંત્રની કામગીરી પર મોટું પ્રશ્નાર્થ ચિહ્ન મૂકી રહ્યું છે.

કાપોદ્રા વિસ્તાર એ વરાછા અને શહેરના અન્ય મહત્વના ભાગોને જોડતો મુખ્ય રોડ છે, જ્યાં દિવસ-રાત હજારો વાહનોની સતત અવરજવર રહે છે. રસ્તાની મધ્યમાં અચાનક ભૂવો પડવાને કારણે ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ હતી અને અકસ્માતનો ભય પણ તોળાઈ રહ્યો છે. સદનસીબે જ્યારે જમીન ધસી ત્યારે કોઈ વાહનચાલક ત્યાંથી પસાર નહોતું થઈ રહ્યું, અન્યથા મોટી જાનહાનિ થઈ શકી હોત.

સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે જનતાના પરસેવાના કરોડો રૂપિયા પાણીમાં ગયા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે કે જો થોડા જ મહિનામાં રસ્તો બેસી જતો હોય, તો આ 'વિકાસ' કોના માટે? શું ચૂંટણી પહેલા માત્ર દેખાડો કરવા માટે જ ઉતાવળે કામગીરી કરવામાં આવી હતી.? ઉતાવળે કરાયેલી કામગીરીને કારણે હવે સ્થાનિક લોકોએ સહન કરવાનો વારો આવી રહ્યો છે.

પહેલીવાર SDBમાં 1000 કરોડની રફનું પ્રદર્શન

સુરત ડાયમંડ બુર્સમાં 35 દિવસ સુધી આ પ્રદર્શન ચાલશે

સુરતઃ સુરત ડાયમંડ બુર્સ ને રફ ડાયમંડનું ટ્રેડિંગ હબ બનાવવવા પ્રથમવાર માઈનિંગ કંપનીઓને બદલે મોટા ટ્રેડર્સને 6 એપ્રિલથી 10 મે 2026 રફ વ્યૂઇંગ માટે ખાસ મંજૂરી અપાઈ છે.આ સમયગાળામાં સુરત ડાયમંડ બુર્સમાં 35 દિવસ સુધી 1000 કરોડના રફ ડાયમંડનું પ્રદર્શન યોજાશે.

GJEPC ગુજરાત રિજ્યનના ચેરમેન જયંતીભાઈ સાવલિયા એ જણાવ્યું હતું કે,ઇન્ડિયા રફ ડાયમંડ શો (IRDS) ભારતને રફ ડાયમંડ ટ્રેડિંગ હબ બનાવવા માટેનો એક ખૂબ મોટો અને ઐતિહાસિક પગલું છે. SDB સુરતમાં 'ઇન્ડિયા રફ ડાયમંડ શો'નો ભવ્ય પ્રારંભ, ભારતને ગ્લોબલ ટેન્ડરિંગ હબ બનાવવાની દિશામાં મોટું પગલું લેવાયું છે.GJEPCની અનોખી પહેલથી રફ હીરાનો સીધો પુરવઠો ભારતમાં MSME ઉત્પાદકોને મળશે વૈશ્વિક બજારમાં સીધી ઍક્સેસ મળશે.GJEPC દ્વારા સુરતમાં 'ઇન્ડિયા રફ ડાયમંડ શો' (IRDS)નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ શો 6 એપ્રિલથી 10 મે 2026 સુધી કુલ 35 દિવસ સુધી ચાલશે, જેમાં સતત ટેન્ડરિંગ સત્રો દ્વારા આંતરરાષ્ટ્રીય સપ્લાયર્સ અને ભારતીય ઉત્પાદકો વચ્ચે સીધી વ્યવસાયિક જોડાણ સુનિશ્ચિત કરવામાં આવશે.

IRDS ભારતનું પ્રથમ સંરચિત (structured) પ્લેટફોર્મ છે, જે રફ હીરાના ટેન્ડર માટે ખાસ તૈયાર કરવામાં આવ્યું છે. અત્યાર સુધી ભારતીય વેપારીઓને રફ હીરા ખરીદવા માટે વિદેશી ટ્રેડિંગ સેન્ટર્સ પર આધાર રાખવો પડતો હતો, પરંતુ આ પહેલથી સ્થાનિક સ્તરે જ વૈશ્વિક પુરવઠો ઉપલબ્ધ બનશે.

આ પ્રદર્શન દરમિયાન અંદાજે 100 મિલિયન અમેરિકન ડોલર (લગભગ 1,000 કરોડ) મૂલ્યના રફ હીરા વિવિધ ટેન્ડર સત્રોમાં રજૂ થવાના છે.દુબઇની કંપની સ્ટાર જેમ્સ અને કોઈ ઇન્ટરનેશનલ કંપનીઓએ આ વ્યૂઇંગ રાખ્યું છે.જેમાં હીરા સુરતમાં જોઈ શકાશે.અને જ્યારે ઓનલાઈન ટેન્ડર ઇશ્યૂ થશે ત્યારે રફ ઈમ્પોર્ટ દુબઈથી કરવા પડશે.

હીરા ઉદ્યોગના MSME માટે નવા દરવાજા ખૂલશેઃ દિનેશ નાવડિયા

GJEPC ગુજરાતની પ્રાદેશિક સમિતિના સભ્ય દિનેશ નાવડિયા એ જણાવ્યું હતું કે, આ ઇવેન્ટથી હીરા ઉદ્યોગના MSME માટે નવા દરવાજા ખુલશેIRDS ને ખરેખર મહત્વપૂર્ણ બનાવે છે તે એ છે કે તે વૈશ્વિક સ્તરે પાયાના ઉદ્યોગ ભાગીદારી સાથે જોડાય છે. તેના મૂળમાં મજબૂત MSME જોડાણ સાથે, આ પ્લેટફોર્મ ખાતરી કરે છે કે રફ હીરાના વેપારમાં વૃદ્ધિ વ્યાપક, સમાવિષ્ટ અને ભવિષ્ય માટે તૈયાર છે. તે એવા ઉત્પાદકો માટે નવા દરવાજા ખોલે છે જેઓ લાંબા સમયથી વૈશ્વિક પુરવઠાની સરળ અને વધુ સીધી પહોંચ મેળવવાના હકદાર છે.

પાંડેસરામાં મહાપ્રસાદ લેવા ગયેલા યુવક પર હુમલો

ઉડિયા યુવાનો વચ્ચે નજીવી બાબતે થયેલા ઝઘડામાં ચપ્પુના ઘા માર્યા

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં સામાન્ય બોલાચાલી હિંસક સ્વરૂપ ધારણ કરતાં એક યુવક પર ચપ્પુ વડે હુમલો કરવામાં આવ્યો હતો. મિત્રો સાથે મહાપ્રસાદ લેવા ગયેલા યુવકને થયેલી આ ઘટના બાદ વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

મૂળ ઓડિશાના ગંજામ જિલ્લાના રહેવાસી અને હાલ પાંડેસરા વિસ્તારમાં સ્વામિનારાયણ નગર સોસાયટીમાં વસવાટ કરતો વિક્રમ ગૌતમ પ્રધાન પોતાના મિત્રો સાથે મહાપ્રસાદ લેવા માટે શ્રીરામ નગર સોસાયટી પાસે આવેલા નંદઘર ગયા હતા. આ દરમિયાન પાંડેસરાની જ વૃંદાવન સોસાયટીમાં રહેતા કુમાર બીસોઈ સાથે વિક્રમની અચાનક બોલાચાલી શરૂ થઈ હતી. સૂત્રો મુજબ, સામાન્ય બાબતે થયેલી ચર્ચા થોડી જ વારમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આરોપી કુમાર બીસોઈ અચાનક ઉશ્કેરાઈ ગયો હતો. તેણે ચપ્પુ કાઢી વિક્રમ પર હુમલો કર્યો હતો અને સાથળના ભાગે ઘા મારતા વિક્રમ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. આસપાસના લોકોએ તરત જ ઈજાગ્રસ્તને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો, ઈજાગ્રસ્ત વિક્રમ પ્રધાનની ફરિયાદના આધારે પોલીસે આરોપી કુમાર બીસોઈ સામે ગુનો નોંધ્યો છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૧૪૯૭૮૪૫૬૯	હોમ લોન	૧. રાહુલ કુમાર ૨. મુન્ના કુમાર	૨૦.૦૩.૨૦૨૬	રૂા.૧૦,૩૦,૭૨૧,૨૯/–

મિલકત સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે મહેક રેસિડેન્સી –૨ તરીકે ઓળખાતો પ્લોટ નં. ૫૨૨ માપ ૪૮.૦૬ ચો.વાર એટલે ૪૦.૧૮ ચો.મી, વણવહેચાયેલ હિસ્સા સહિત માપ ૨૫.૭૬ ચો.મી જમીન સોસાયટી રોડ અને સી.ઓ.પી કુલ માપ ૬૫.૯૪ ચો.મી બિનખેતી જમીન બ્લોક નં. ૨૮૫, ૭/૧૨ મુજબ માપ હેર ૫ –૩૫–૨૦ ચો.મી એટલે ૫૩૫૨૦ ચો.મી મોજે ગામ. સીવણ, સબ ડિસ્ટ્રીક્ટ અને તાલુકા : ઓલપાડ, જી.સુરત, ગુજરાત –૩૯૪૧૩૦ ખાતે આવેલ છે. :**ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં. ૫૧૧,**દક્ષિણ તરફ** : જોડે નો સોસાયટી નો આતંરીક રોડ ,**પૂર્વ તરફ** : જોડેનો પ્લોટ નં. ૫૨૩ **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં. ૫૨૧ આવેલ છે.

આથી તમને **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/– અધિકૃત અધિકારી, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તારીખ : ૦૭.૦૪.૨૦૨૬
સ્થળ : સુરત,ગુજરાત

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧ ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ–૪ (રૂલ ૮[૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૨૭/૧૨/૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. જીતેન્દ્ર કુમાર કાંતી લાલ, ૨. હર્ષા દેવી જીતેન્દ્ર કુમાર,** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૩,૫૨,૯૭૬.૬૫/– (અંકે રૂપિયા તેર લાખ બાવન હજાર નવસો છોતેર અને પાંસઠ પૈસા પુરા) તા.૧૧.૧૨.૨૦૨૫ ના રોજના** આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા કલમ (૧૩) ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૦૪થી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૧૩,૫૨,૯૭૬.૬૫/– (અંકે રૂપિયા તેર લાખ બાવન હજાર નવસો છોતેર અને પાંસઠ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'બ્લોસમ પાર્ક' તરીકે જાણીતો પ્રોજેક્ટ ના 'તુલીપ બિલ્ડીંગ', 'બી–ટાઈપની બિલ્ડીંગ', 'વિંગ–બી', ૧લા માળ (મંજુર યોજના મુજબ ઉચ્ચ ગ્રાઉન્ડ ફ્લોર પર નો) ફ્લેટ નં. ૧૦૮ માપ ૫૩૫ ચો.ફુટ એટલે કે ૪૯.૭૦ ચો.મીટર, બિલ્ટઅપ એરીયા માપ ૪૮૬.૯૩ ચો.ફુટ એટલે ૪૫.૨૪ ચો.મી કારપેટ એરીયા ૨૨.૧૦ ચો.મી ભોયતળીયા ની જમીન ના પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા સહિત ,જેનું બાંધકામ બિનખેતી જમીન ઉપર થયેલ રેવન્યુ સર્વે નં. ૧૧૧/૧, પછી વિકસાવવામાં આવેલ ૭/૧૨ મુજબ બ્લોક નં. ૯૮ અને રેવન્યુ સર્વે નં. ૧૧૧/૨, પછી વિકસાવવામાં આવેલ ૭/૧૨ મુજબ બ્લોક નં. ૯૯ મોજે ગામ. કડોદરા, સબ ડિસ્ટ્રીક્ટ અને તાલુકા પલસાણા, જી. સુરત, રાજય : ગુજરાત, ગુજરાત– ૩૯૪૩૨૭ ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** જોડેનો બ્લોક નં. ૮૪, **પશ્ચિમ તરફ :** જોડેનો રોડ, **ઉત્તર તરફ :** જોડેનો બ્લોક નં. ૧૦૦ અને ૧૦૧, **દક્ષિણ તરફ :** જોડેનો રોડ આવેલ છે.

સહિ/– અધિકૃત અધિકારી આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)

તારીખ : ૦૪/૦૪/૨૦૨૬
સ્થળ : ગુજરાત
લોન ખાતા નં.: ૬૮૯૨૩૦૪૪ અને ૬૮૯૧૮૯૦૪

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૬૦૪૧૨૯૮૭ અને ૬૩૮૦૨૧૮૪	હોમ લોન	૧. અશોક પ્રજાપતિ ૨. લક્ષ્મણ પ્રજાપતિ ૩. પારસ દેવી	૧૮.૦૨.૨૦૨૬	રૂા.૧૨,૬૮,૪૭૦.૬૩/–

તમામ ભાગ અને હિસ્સો ધરાવતો વિજયા લક્ષ્મી રેસીડન્સી બિલ્ડીંગ એ નો બીજા માળ નો ફ્લેટ નં. એ/૨૦૩ માપ ૪૩.૮૫ ચો.મી. (બિલ્ટઅપ એરીયા) અને ૩૯.૬૧ ચો.મી (કારપેટ એરીયા) વણવહેચેલા હિસ્સા સહિત ની જમીન રેવન્યુ સર્વે નં. ૨૨૦/૨/એ, (જુનો રેવન્યુ સર્વે નં.૨૯૧) ટીપી સ્કીમ નં.૫૪ (ભેસ્તાન) ફાઈનલ પ્લોટ નં. ૫૦ મોજે ભેસ્તાન ,સુરત શહેર, જી.સુરત ગુજરાત–૩૯૪૨૧૦ જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : માર્જીન ની જગ્યા, **પશ્ચિમ તરફ** : બિલ્ડીંગ પેસેજ, **ઉત્તર તરફ** : ફ્લેટ નં. એ/૨૦૨, **દક્ષિણ તરફ** : ફ્લેટ નં. એ/૨૦૬ આવેલ છે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૨.	૪૫૩૪૮૫૮૦ અને ૫૧૬૭૨૫૩૦	હોમ લોન	૧. દિપેશ્વર ચોરસીયા ૨. પુષ્પા દેવી ચોરસીયા	૧૪.૦૩.૨૦૨૬	રૂા.૧૦,૦૧,૩૭૯.૪૦/–

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'શ્રી વલ્લભ રેસીડન્સી' ના પ્લોટ નં. ૨૦૯ ની જગ્યા માપ ૪૮.૦૦ ચો.વાર એટલે કે ૪૦.૧૯ ચો.મીટર, ૨૪.૫૯ ચો.મીટર ના રોડ અને સીઓપી ના પ્રમાણ સર વણ વહેચાયેલ હિસ્સા સહિત નું બાંધકામ જમીન રેવન્યુ સર્વે નં.૧૪૬/૨, ૧૪૯,જુનો બ્લોક નં. ૧૭૦ રી સર્વે પછી નવો બ્લોક નં. ૧૮૪ મોજે હલધરૂ સબ ડિસ્ટ્રીક અને તાલુકા કામરેજ, જી સુરત, ગુજરાત રાજય–૩૯૪૩૧૦ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડે નો પ્લોટ નં. ૨૭૯, **પશ્ચિમ તરફ** : જોડે નો સોસાયટી નો આંતરીક રસ્તો, **ઉત્તર તરફ** : જોડે નો પ્લોટ નં. ૨૯૧, **દક્ષિણ તરફ** : જોડે નો પ્લોટ નં. ૨૮૯ આવેલ છે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૩.	૧૪૪૧૧૮૬૫૫	હોમ લોન	૧. મહેન્દ્ર યાદવ ૨. ચાંદની મહેન્દ્ર યાદવ	૨૧.૦૨.૨૦૨૬	રૂા.૧૧,૪૬,૬૩૯.૭૦/–

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે માનવ્ય રેસીડન્સી નો મર્જૂર થયેલ પ્લાન મુજબ એ ટાઈપ બિલ્ડીંગ નો પહેલા માળ નો ફ્લેટ નં. એ/૬ અને બુકીંગ મુજબ એ/૧૦–૧૦૮,માપ ૩૮૪.૦૬ ચો.ફુટ એટલે કે ૩૫.૬૮ ચો.મી. (બિલ્ટઅપ એરીયા) અને ૩૫૪.૧૩ ચો.ફૂટ એટલે કે ૩૨.૦૯ ચો.મી. (કારપેટ એરીયા) મિલકત ના ૧૪.૭૭ ચો.મી. ના જમીન ના વણ વહેચાયેલા હિસ્સા સહિત બિન ખેતી જમીન બ્લોક નં. ૧૪૨, તેનો જમીન નો એકત્રી કરણ પછી નો નં. ૧૪૨/૨ મોજે ગામ કડોદરા, સબડિસ્ટ્રીકટ અને તાલુકા પલસાણા જીલ્લા સુરત, ગુજરાત–૩૯૪૩૨૭ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડે નો દાદર, **પશ્ચિમ તરફ** : જોડે નો ફ્લેટ નં. એ/૧–૧૦૭, **ઉત્તર તરફ** : જોડે નો રોડ, **દક્ષિણ તરફ** : જોડે નો પેસેજ આવેલ છે.

આથી તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/– અધિકૃત અધિકારી, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તારીખ : ૦૭.૦૪.૨૦૨૫
સ્થળ : સુરત, ગુજરાત.